Thursday
09.07.2026
*Volume :11 * Issue No.05
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત    વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office : A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે આઈઆઈએમ બેંગલોર ઈન્ડોનેશિયામાં પોતાનું કેમ્પસ સ્થાપશે



## આ કેમ્પસથી સમગ્ર આસિયાન ક્ષેત્રના યુવાનોને નોંધપાત્ર લાભ પહોંચાડશે.: પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી



### આઈઆઈએમ બેંગલોર પ્રસ્તાવિત કેમ્પસ સાથે તેના વૈશ્વિક પદચિહ્નનો વિસ્તાર કરવા માટે સજ્જ; અભ્યાસક્રમમાં પાંચ મહત્વપૂર્ણ ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવશે; કાર્યક્રમો બે તબક્કામાં લાગુ કરવામાં આવશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ બેંગલોર (IIMB) ઈન્ડોનેશિયામાં પોતાનું કેમ્પસ સ્થાપશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ કેમ્પસથી સમગ્ર આસિયાન પ્રદેશના યુવાનોને ઘણો મોટો ફાયદો થશે. પ્રધાનમંત્રીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો સાથેના તેમના સંયુક્ત પ્રેસ નિવેદન દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસ્તાવિત કેમ્પસ સિંગહાસરી સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ), માલાંગ, ઈન્ડોનેશિયા ખાતે સ્થાપિત કરવામાં આવશે અને તે ભારતના ઉચ્ચ શિક્ષણ ઈકોસિસ્ટમના આંતરરાષ્ટ્રીયકરણ તરફ એક ઐતિહાસિક પગલું છે. આ જાહેરાત ભારતની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓના વૈશ્વિક વિસ્તરણમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આઈઆઈએમ અમદાવાદ દ્વારા દુબઈમાં, આઈઆઈટી દિલ્હી દ્વારા અબુ ધાબીમાં અને આઈઆઈટી મદ્રાસ દ્વારા ઝાંઝીબારમાં વિદેશી કેમ્પસની સફળ સ્થાપના પર આગળ વધતા, આ પગલું વિશ્વભરમાં શિક્ષણ, સંશોધન અને ઈનોવેશનમાં ઉત્કૃષ્ટતાને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ એવા એક વિશ્વસનીય વૈશ્વિક જ્ઞાન ભાગીદાર તરીકે ભારતના વધતા કદને રેખાંકિત કરે છે. ઈન્ડોનેશિયામાં પ્રસ્તાવિત કેમ્પસ આઈઆઈએમબીનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કેમ્પસ હશે અને તે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેની વધતી જતી વ્યૂહાત્મક ભાગીદારી તથા ઉચ્ચ ગુણવત્તાયુક્ત સસ્તું શિક્ષણ આપનારા વૈશ્વિક પ્રદાતા તરીકે ભારતના ઉદયને રેખાંકિત કરે છે. આ પહેલ ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં શૈક્ષણિક સહયોગ, માનવમૂડી વિકાસ અને જ્ઞાન ભાગીદારીને મજબૂત કરવા માટે ભારત અને ઈન્ડોનેશિયાની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ કેમ્પસની સ્થાપના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 ના વિઝનને આગળ વધારવામાં પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે અગ્રણી ભારતીય સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઉપસ્થિતિ સ્થાપવા અને વિશ્વસ્તરીય શિક્ષણ સુધી પહોંચ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. આ કેમ્પસ માટે તૈયાર કરવામાં આવેલો અભ્યાસક્રમ ઉભરતા વ્યાપારી પરિદૃશ્યના પાંચ મહત્વપૂર્ણ તત્વોને સામેલ કરીને ભવિષ્ય માટે સજ્જ આગેવાનો તૈયાર કરવાનો એજન્ડા નક્કી કરશે, જે આ મુજબ છેઃ વૈશ્વિક પુરવઠા શૃંખલા, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આબોહવા અને ટકાઉપણું, અને આરોગ્ય સંભાળ વ્યવસ્થાપન. ઉદ્યોગના અગ્રણીઓ નોંધપાત્ર શિક્ષણવિદો, પ્રખ્યાત વૈશ્વિક હસ્તીઓ અને મહાનુભાવો સાથેની વાતચીત દ્વારા દરેક કાર્યક્રમને વધુ સમૃદ્ધ બનાવવામાં આવશે. આઈઆઈએમ બેંગલોરના પ્રસ્તાવિત કાર્યક્રમો બે તબક્કામાં અમલમાં મૂકવામાં આવશે. પ્રથમ તબક્કો વરિષ્ઠ અધિકારીઓ, વ્યવસાયિક અગ્રણીઓ અને જાહેર ક્ષેત્રના વ્યાવસાયિકોને લક્ષ્યમાં રાખીને ઉચ્ચ ગુણવત્તાવાળા એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ્સ સાથે શરૂ થશે. શરૂઆતના બે વર્ષમાં પ્રથમ તબક્કાના સફળ અમલીકરણને આધીન, બીજા તબક્કામાં ડિગ્રી આપતા મેનેજમેન્ટ પ્રોગ્રામ્સ શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ આઈઆઈએમ બેંગલોર અને સિંગહાસરી સેઝના મેનેજિંગ અને ડેવલપમેન્ટ એકમ PT ઈન્ટેલિજેન્સિયા ગ્રહાતમા (PT IGT) વચ્ચેના એમઓયુ (MoU) દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ કેમ્પસ મુખ્યત્વે ઈન્ડોનેશિયાના નાગરિકોની સેવા કરવા માટે છે, જ્યારે તે પડોશી દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોના સહભાગીઓને પણ આકર્ષિત કરશે. ઈન્ડોનેશિયાના સહભાગીઓને બેંગલુરુ કેમ્પસની ટૂંકી શૈક્ષણિક ઈમર્શન મુલાકાતો લેવાની તક મળશે, જેનાથી તેઓ ભારતની ઈનોવેશન ઈકોસિસ્ટમ, ઉદ્યોગ અને વ્યવસાયિક વાતાવરણનો અનુભવ મેળવી શકશે. આ પહેલથી ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના લાંબા સમયના સંબંધો વધુ ગાઢ બનવાની અપેક્ષા છે, જ્યારે ઈન્ડોનેશિયા ગુણવત્તાયુક્ત મેનેજમેન્ટ શિક્ષણ માટે એક મહત્વપૂર્ણ પ્રાદેશિક હબ તરીકે સ્થાન મેળવશે. તે ગ્લોબલ સાઉથને વિશ્વસ્તરીય શિક્ષણ, નેતૃત્વ વિકાસ અને ઈનોવેશન માટે એક પસંદગીનું સ્થળ બનાવવા માટેની ભારતની પ્રતિબદ્ધતાને પણ મજબૂત કરે છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ 'મિશન ૭૦ લાખ વૃક્ષારોપણ' અભિયાનની શરૂઆત કરાવી અને દિલ્હી સરકારના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન તથા શિલાન્યાસ કર્યો

## ગૃહ મંત્રીએ સેન્ટ્રલ રિજ અને નાનકપુરા રિજ ખાતે વૃક્ષારોપણ કરીને 'દિલ્હી રિજ પુનર્જીવન અભિયાન' ની શરૂઆત કરાવી

### વર્ષોથી દિલ્હી રિજ વિસ્તારમાં પર્યાવરણને અનુકૂળ ન હોય તેવા બાવળ સહિતના વૃક્ષો ફેલાઈ ગયા હતા; હવે તેને હટાવીને તેના સ્થાને સ્થાનિક પ્રજાતિના વૃક્ષો વાવવામાં આવશે



**વર્ષ ૧૯૯૪માં પ્રથમ વખત નોટિફાય કરાયેલા દિલ્હી રિજનું અંતિમ નોટિફિકેશન ૩૦ વર્ષથી પેન્ડિંગ હતું; દિલ્હી સરકારે હવે રિજ વિસ્તારની ૫,૦૦૦ હેક્ટર જમીનને વન ભૂમિ તરીકે જાહેર કરીને તેને કાનૂની સંરક્ષણ પૂરું પાડ્યું છે**

**આગામી ત્રણ વર્ષોમાં, પીપળો, વડ, લીમડો, અર્જુન અને જાંબુ જેવા એક સદીથી વધુ સમય સુધી જીવી શકતા દેશી વૃક્ષોના વાવેતર દ્વારા 'દિલ્હી રિજ'ને 'દિલ્હીના ફેફસાં'માં પરિવર્તિત કરવામાં આવશે**

**દિલ્હી રિજમાં વિશેષ કલા-થીમ આધારિત જંગલો વિકસાવવામાં આવશે, જ્યારે ૭૦ થી વધુ તળાવો, જળાશયો અને પુરાતત્વીય સંરચનાઓ પણ પુનઃસ્થાપિત અને સમૃદ્ધ કરવામાં આવશે**

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં 'મિશન ૭૦ લાખ વૃક્ષારોપણ' અભિયાનની શરૂઆત કરાવી હતી અને દિલ્હી સરકારના વિવિધ કાર્યોનું ઉદ્ઘાટન તથા શિલાન્યાસ કર્યો હતો. દિલ્હીના વિકાસ માટેના ગ્રાન્ડ માસ્ટર પ્લાન હેઠળ, ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ૩૦૦ ઈલેક્ટ્રિક બસો લોન્ચ કરી, ઉદ્ઘાટન દ્વારા ત્રણ નવા બિલ્ટ બસ ડેપો અને ૪૦ વ્હીકલ ટેસ્ટિંગ સેન્ટર્સ ખુલ્લા મૂક્યા, નરેલામાં હાઈ સિક્યોરિટી જેલનો શિલાન્યાસ કર્યો અને રિજ વિસ્તારને પુનઃજીવિત કરવા માટે એક અભિયાનની પણ શરૂઆત કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી તરનજીત સિંહ સંધુ, મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, કેન્દ્રીય મંત્રી શ્રી હર્ષ મલ્હોત્રા અને અન્ય કેટલાક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે દિલ્હીના રિજ વિસ્તારમાં ઘણા ઝેરી અને કાંટાવાળા વૃક્ષો જોવા મળે છે, જે જોવામાં હરિયાળી દિલ્હીનો ભ્રમ પેદા કરે છે, પરંતુ તે આપણા પર્યાવરણને અનુકૂળ નથી. તેમણે કહ્યું કે ૧૯૯૪ માં, દિલ્હીના રિજ વિસ્તારની ૭,૭૮૪ હેક્ટર જમીનને ઈન્ડિયન ફોરેસ્ટ એક્ટ હેઠળ નોટિફાય કરવામાં આવી હતી, પરંતુ તેનું અંતિમ નોટિફિકેશન ૩૦ વર્ષ સુધી બહાર પાડવામાં આવ્યું ન હતું. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે આ દિશામાં એક હકારાત્મક પગલું ભર્યું છે અને આ વિસ્તારની ૫,૦૦૦ હેક્ટર જમીનને વન ભૂમિ તરીકે જાહેર કરી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે સરકાર સમગ્ર રિજને કાનૂની સંરક્ષણ પૂરું પાડવા જઈ રહી છે, જેનાથી તેની જૈવવિવિધતા, જમીન, પાણી અને દિલ્હીના પર્યાવરણને એક નવું સ્વરૂપ મળશે. ત્રણ વર્ષની અંદર, સમગ્ર રિજ વિસ્તારમાં પીપળો, વડ, લીમડો, ગુલર, અર્જુન અને જાંબુ જેવા ૧૦૦ વર્ષથી વધુ જીવતા વૃક્ષો વાવવામાં આવશે જેથી તેને દિલ્હીના ફેફસાંમાં ફેરવી શકાય. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'એક પેડ મા કે નામ' (Ek Ped Maa Ke Naam) અભિયાન શરૂ કરીને દેશમાં પર્યાવરણીય સંતુલન માટે એક નોંધપાત્ર પ્રયાસ શરૂ કર્યો છે. તેમણે કહ્યું કે આડેધડ વૃક્ષો કાપવાને કારણે ઓઝોન સ્તરમાં મોટા ગાબડાં પડ્યાં છે, જેનાથી પૃથ્વીના તાપમાનમાં અસંતુલન સર્જાયું છે. આ સમસ્યાને રોકવાનો એકમાત્ર ઉપાય પૃથ્વી પરથી કાર્બન ડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડના ઉત્સર્જનને ઘટાડવાનો છે. તેમણે કહ્યું કે માત્ર વૃક્ષો જ આ કાર્ય સિદ્ધ કરી શકે છે અને તેથી જ પ્રધાનમંત્રી મોદીએ 'એક પેડ મા કે નામ' નો નારો આપ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ લોકોને તેમની માતાના નામે અને ધરતી માતા માટે વૃક્ષો વાવવા અપીલ કરી હતી. આ અભિયાન તેના બેવડા હેતુ સાથે આગામી દિવસોમાં ભારતને આગળ વધવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે આ અભિયાને માત્ર ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને સંદેશ આપ્યો છે કે પર્યાવરણીય સંતુલનની ચિંતા કર્યા વિનાનો વિકાસ અર્થહીન છે. શ્રી શાહે દિલ્હીના રહેવાસીઓને તેમની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવા અને આ પ્રયાસમાં બાળકોને પણ સામેલ કરવા અપીલ કરી હતી, કારણ કે તેમણે ભવિષ્યમાં 'ગ્રીન દિલ્હી'ના સંકલ્પને આગળ ધપાવવાનો છે. શ્રી અમિત શાહે દિલ્હીના તમામ રહેવાસીઓને ગ્રીન ડ્રાઈવ પોર્ટલ (Green Drive Portal) ની મુલાકાત લેવા અને વૃક્ષારોપણ માટે પોતાનો સ્લોટ બુક કરવા તેમજ નજીકની શાળાઓ, વસાહતો, મંદિરો અને સોસાયટીઓમાં જ્યાં પણ જમીન ઉપલબ્ધ હોય ત્યાં વૃક્ષો વાવીને ગ્રીન દિલ્હીના સંકલ્પને પૂર્ણ કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે દિલ્હી સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'વૃક્ષ રથ' (Vriksh Rath) દ્વારા લોકોને મફત રોપાઓ પૂરા પાડવામાં આવી રહ્યા છે અને 'નર્સરી લોકેટર' (Nursery Locator) સુવિધા નજીકની નર્સરીઓ વિશે માહિતી પણ પ્રદાન કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ભારત સરકાર અને દિલ્હી સરકારે આગામી ચાર વર્ષમાં ૬,૩૦૦ હેક્ટર ગ્રીન રિજ વિસ્તારને સંપૂર્ણ રીતે વન ભૂમિમાં વિકસાવવાનો અને તેનું સંરક્ષણ સુનિશ્ચિત કરવાનો સંકલ્પ કર્યો છે. આ ૬,૩૦૦ હેક્ટરનો ગ્રીન રિજ દિલ્હીના ફેફસાં બનશે, જે રાજધાનીના પર્યાવરણનું રક્ષણ કરશે. આ અંતર્ગત ૧ કરોડથી વધુ સ્થાનિક છોડ, ૬૫ લાખથી વધુ છોડ જે મોટા વૃક્ષો બનવા માટે વધે છે અને અન્ય ૬૫ લાખ છોડ વાવવામાં આવશે. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે ભારત સરકારની મદદથી એક વર્કિંગ પ્લાન ડોક્યુમેન્ટ (૨૦૨૬થી ૨૦૩૬) તૈયાર કર્યું છે. અમે અસોલા ભાટી વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરી મેનેજમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે અને દિલ્હીનો બર્ડ એટલાસ પણ તૈયાર કર્યો છે. તેમણે કહ્યું કે આ સમગ્ર ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવાનો એક વ્યાપક પ્રયાસ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે રિજમાં ૭૦ થી વધુ તળાવો અને નાના રેસ્ટોરન્ટ્સ હશે અને ત્યાં તેની પુરાતત્વીય સંરચનાઓ પણ સાચવવામાં આવશે. તેમણે કહ્યું કે રિજ વિસ્તારમાં આઠ વિશેષ જંગલો વિકસાવવામાં આવશે જેમાં નક્ષત્ર વન, મેલ વન, ઋષિ વન, તીર્થંકર વન, શંકર વન, વામન વૃક્ષ વન અને પુરાણી વાટિકાનો સમાવેશ થાય છે. આના માધ્યમથી લોકોને પ્રકૃતિ સાથે જોડવાના પ્રયાસો કરવામાં આવશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તેઓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા યમુના નદીના શુદ્ધિકરણ માટે આપવામાં આવેલા લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે ઝડપથી કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે દિલ્હીની ડેરીઓમાંથી ગાયનું છાણ હવે સીધું યમુના નદીમાં વહેશે નહીં. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે ટૂંક સમયમાં એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે જેથી યમુનામાં એક કિલોગ્રામ છાણ પણ ન જાય તે સુનિશ્ચિત કરી શકાય. તેમણે કહ્યું કે અગાઉની દિલ્હી સરકાર દરરોજ ૧,૫૦૦ મેટ્રિક ટન છાણ યમુના નદીમાં ફેંકતી હતી. હવે, મોદી સરકાર અને દિલ્હી સરકાર વચ્ચેના કરાર હેઠળ આ છાણમાંથી ગેસ અને પ્રાકૃતિક ખાતર બનાવવામાં આવશે, જે યમુના નદીના શુદ્ધિકરણમાં મોટું યોગદાન આપશે. શ્રી શાહે જણાવ્યું હતું કે વિતેલા વર્ષમાં ૧૨૯ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત થયા છે અને આગામી સમયમાં વધુ ૫૯ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્લાન્ટ્સ ટ્રીટેડ પાણી યમુનામાં પહોંચાડશે અને એ પણ સુનિશ્ચિત કરવામાં આવશે કે આ પ્લાન્ટ્સમાંથી છોડવામાં આવતા પાણીની ગુણવત્તા તમામ નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે દિલ્હી સરકારે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) પોલિસી શરૂ કરી છે. યમુના શુદ્ધિકરણ, રિજ વિસ્તારનું વ્યાપક પરિવર્તન, પર્યાવરણીય ઈકોસિસ્ટમની પુનઃસ્થાપના અને ઈવી પોલિસી જેવી પહેલો દ્વારા અમે વધુ હરિયાળી અને ટકાઉ દિલ્હીના વિઝનને સાકાર કરીશું.

# કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં નર્મદા એવોર્ડ લાભાર્થી રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે બાકી ચૂકવણીના નિકાલ અંગે ઐતિહાસિક સમજૂતી થઈ

**કેન્દ્રીય ગૃહ મંત્રીની પહેલ પર મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મદય પ્રદેશ વચ્ચે દાયકાઓથી ચાલી રહેલા વિવાદનો સૌહાર્દપૂર્ણ ઉકેલ આવ્યો**

**મોદી જીના નેતૃત્વમાં અનેક રાજ્યોમાં ડબલ એન્જિન સરકાર બન્યા પછી આવા અનેક વિલંબિત વિવાદો હવે ઝડપથી ઉકેલાયા છે**

**પાણીનો ઉપયોગ ભલે દેશના કોઈપણ ભાગમાં થાય, તેનાથી લાભ મેળવનાર એક ભારતીય જ હશે**

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વમાં જળ સુરક્ષાને મજબૂત કરવા અને જળ ક્ષેત્રે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે અનેક ઐતિહાસિક પહેલ



## ભલે કિશાઉ બંધ પરિયોજનાનો મુદ્દો હોય કે રાજસ્થાન, હરિયાણા વચ્ચેનો જળ વિવાદ હોય કે આજની આ સમજૂતી હોય, આ તમામ સહકારી સંઘવાદના સુવર્ણ ઉદાહરણો છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં નર્મદા એવોર્ડ લાભાર્થી રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે બાકી ચૂકવણીના નિકાલ અંગે ઐતિહાસિક સમજૂતી થઈ ગઈ છે. કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજન લાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. બેઠકમાં કેન્દ્ર અને ચારેય રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમજૂતી મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યો દ્વારા સરદાર સરોવર પરિયોજનાના નિર્માણના ખર્ચ વહેંચણીના મુદ્દાઓ સાથે જોડાયેલા લાંબા સમયના વિવાદોનો અંત લાવવાની દિશામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે, જે અંતર્ગત બાકી લેણાંના અંતિમ નિકાલ તરીકે કરવામાં આવનારી ચૂકવણીઓને એકમુકત પતાવટ (વન-ટાઇમ સેટલમેન્ટ) ના રૂપમાં ઉકેલવામાં આવી છે.

ગૃહ મંત્રી શ્રી અમિત શાહ ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચે લાંબા સમયથી નર્મદા એવોર્ડની બાકી ચૂકવણીનો વિવાદ ચાલી રહ્યો હતો, જેનો આજે સૌહાર્દપૂર્ણ ઉકેલ આવી ગયો છે. શ્રી અમિત શાહ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં જળ સુરક્ષાને મજબૂત કરવા અને જળ ક્ષેત્રે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે અનેક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદી જીના નેતૃત્વમાં અનેક રાજ્યોમાં ડબલ એન્જિન સરકાર બનવાનો લાભ એ થયો છે કે આપણામાં એકબીજાને સમજવાની ક્ષમતા વધી છે, રાજકીય મુદ્દાઓ ઓછા થયા છે અને દેશના અનેક વિવાદો હવે ઝડપથી ઉકેલાઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ આ મહત્વપૂર્ણ આંતર-રાજ્ય પરિયોજના પર સર્વસંમતિ સાધવામાં મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરકારો દ્વારા આપવામાં આવેલા રચનાત્મક સહયોગની પ્રશંસા કરી હતી.

શ્રી શાહે કહ્યું કે આ પરિયોજનાથી વિશેષ કરીને મધ્ય પ્રદેશ, ગુજરાત તથા રાજસ્થાનને ઘણો લાભ થયો છે. બંધ પૂર્ણ થવાથી આ રાજ્યોમાં દરેક જગ્યાએ પાણી અને વીજળી પહોંચ્યા છે. તેમણે કહ્યું કે રાજસ્થાનને થયેલો લાભ જોવામાં નાનો લાગી શકે છે, પરંતુ જે જમીન સુધી નર્મદાના પાણી પહોંચ્યા છે, ત્યાં જમીનનું મૂલ્ય અને ખેડૂતની કિસ્મત બંને બદલાઈ ગયા છે. ગૃહ તેમજ સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજીના નેતૃત્વમાં દેશમાં ચાલી રહેલા જળ વિવાદ અથવા જળ વિતરણ સાથે જોડાયેલા વિવાદો એક પછી એક ઉકેલવામાં આવી રહ્યા છે.

વિતેલા દિવસોમાં હરિયાણા અને રાજસ્થાન વચ્ચેનો જળ વિવાદ ઉકેલાયો હતો. શ્રી શાહે કહ્યું કે ભલે કિશાઉ બંધ પરિયોજનાનો મુદ્દો હોય કે રાજસ્થાન, હરિયાણા વચ્ચેનો જળ વિવાદ હોય કે આજની આ સમજૂતી હોય, આ તમામ સહકારી સંઘવાદના સુવર્ણ ઉદાહરણો છે.

તેમણે કહ્યું કે ભલે ગુજરાત હોય, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા કે મહારાષ્ટ્ર, પાણી દેશના લોકો, ખાસ કરીને ખેડૂતોના જ કામમાં આવે છે. શ્રી શાહે કહ્યું કે પાણીનો ઉપયોગ ભલે દેશના કોઈપણ ભાગમાં થાય, તેનાથી લાભ મેળવનાર એક ભારતીય જ હશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે કોઈપણ વિવાદથી થતા રાષ્ટ્રીય નુકસાન (National Loss) ને ધ્યાનમાં રાખીને તેને ઉકેલવાની દિશામાં જરૂરી કદમ ઉઠાવવા જોઈએ. તેમણે કહ્યું કે જો પડોશી રાજ્ય સમૃદ્ધ થાય છે, તો તેનો લાભ પોતાના રાજ્યને પણ મળે છે.

# શિવરાજસિંહ ચૌહાણ અને ભજન લાલ શર્માએ રાજસ્થાનમાં ગ્રામીણ પરિવર્તનને વેગ આપવા રોડમેપ અંગે ચર્ચા કરી

**વિકસિત ભારત GRAMG હેઠળ વાર્ષિક ૧૨,૦૦૦ કરોડનું રોકાણ રાજસ્થાનના દરેક ગામમાં આયોજનબદ્ધ વિકાસને વેગ આપશેઃ શિવરાજ સિંહ ચૌહાણ**



## ગ્રામીણ રોજગાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને ગ્રામ-આધારિત આયોજન અને સામુદાયિક ભાગીદારીથી નવી ગતિ મળી રહી છે

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીના કૃષિ ભવન ખાતે રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજન લાલ શર્મા સાથે બેઠક યોજી હતી, જેમાં રાજ્યમાં 'વિકસિત ભારત વ્હેછ્રસ્' અને અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા કરવામાં આવી હતી. બંને નેતાઓએ ગ્રામ્ય સ્તરે અમલીકરણના પ્રોત્સાહક પરિણામો વિશે ચર્ચા કરી હતી અને સહભાગી, પારદર્શક તથા ટકાઉ ગ્રામીણ વિકાસને મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. બેઠક દરમિયાન, શ્રી ચૌહાણ અને શ્રી શર્માએ ગ્રામસભા આધારિત આયોજન, જાહેર ભંડોળનો પારદર્શક ઉપયોગ અને 'ગ્રામ ચોપાલ' મોડલની પ્રગતિની સમીક્ષા કરી હતી, જેણે રાજસ્થાનના ગામડાઓમાં ગ્રામીણ રોજગાર નિર્માણ, ટકાઉ સામુદાયિક અસ્કયામતોના સર્જન અને સર્વાંગી વિકાસને વેગ આપવા માટે મદદ કરી છે.

બંને નેતાઓએ રાજ્યમાં ગ્રામીણ વિકાસ કાર્યક્રમોના અસરકારક અમલીકરણ બદલ એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ચૌહાણે રાજસ્થાનમાં ગ્રામીણ વિકાસ અને રોજગાર નિર્માણ કાર્યક્રમોની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સરકાર 'બોટમ-અપ' વિકાસ મોડલ અમલમાં મૂકી રહી છે, જ્યાં આયોજનની શરૂઆત ગામ અને ગ્રામ પંચાયત સ્તરેથી થાય છે, જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે વિકાસ કાર્યોમાં સ્થાનિક પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો પ્રતિબિંબિત થાય.

ગ્રામસભાઓના માધ્યમથી, ગ્રામજનો પોતે જ એવા પ્રોજેક્ટ્સ ઓળખે છે અને તેને પ્રાથમિકતા આપે છે જે સ્થાનિક જરૂરિયાતોને પૂર્ણ કરે છે અને સાથે સાથે લાંબા ગાળાના ગ્રામીણ વિકાસ માટે ટકાઉ જાહેર અસ્કયામતોનું નિર્માણ કરે છે. 'વિકસિત ભારત GRAMG' પહેલના અમલીકરણનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ રાજસ્થાનને ?૪૪૫ કરોડ ઓલરેડી જાહેર કરી દેવામાં આવ્યા છે, જેમાંથી આશરે ૨૦૦ કરોડનો ઉપયોગ થઈ ચૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે હાલમાં મંજૂર કરાયેલા ભંડોળનો મોટો હિસ્સો અને સમયસર ઉપયોગ થઈ ગયા પછી ?૧૮૦ કરોડનો પ્રસ્તાવિત બીજો હપ્તો જાહેર કરવામાં આવશે. શ્રી ચૌહાણે 'વિકસિત ભારત GRAMG'ના અમલીકરણમાં રાજસ્થાનના નેતૃત્વને પણ રેખાંકિત કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે ગ્રામસભા અને ગ્રામ પંચાયતની બેઠકો સક્રિયપણે ગામ-વિશિષ્ટ વિકાસની પ્રાથમિકતાઓ નક્કી કરી રહી છે, જેમાં સમગ્ર રાજ્યમાં ગ્રામીણ વિકાસ કાર્યોમાં વાર્ષિક અંદાજે ૧૨,૦૦૦ કરોડનું રોકાણ થવાની અપેક્ષા છે. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ માત્ર ગ્રામીણ શ્રમિકો માટે રોજગારી જ નથી સર્જી રહ્યો પરંતુ લાંબા ગાળે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરનારી ટકાઉ અસ્કયામતોનું પણ નિર્માણ કરી રહ્યો છે. કેન્દ્રીય મંત્રીએ પીએમ માઈક્રો ઈરિગેશન સ્કીમ (PM Micro Irrigation Scheme - પ્રધાનમંત્રી સૂક્ષ્મ સિંચાઈ યોજના) હેઠળ રાજસ્થાન સરકારની કામગીરીની પણ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યએ નિર્ધારિત સમયસીમાની અંદર સમગ્ર મંજૂર કરાયેલી ફાળવણીનો અસરકારક રીતે ઉપયોગ કર્યો છે, જે તેને ભવિષ્યમાં વધારાની નાણાકીય સહાય મેળવવા માટે પાત્ર બનાવે છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે મનરેગા (MGNREGA) હેઠળ, સંપૂર્ણ નાણાકીય પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને કોઈ પણ બાકી રહેલી જવાબદારીઓને દૂર કરવા માટે વેતન અને સામગ્રી બંને ઘટકો પરના ખર્ચનું વ્યાપક મિલાન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભજન લાલ શર્માએ કેન્દ્ર સરકારના સતત

## જનભાગીદારી આધારિત આયોજન, પારદર્શક શાસન અને ગ્રામ ચોપાલ ગ્રામીણ રાજસ્થાનમાં પરિવર્તન લાવી રહ્યા છેઃ શિવરાજ સિંહ ચૌહાણ

સમર્થન બદલ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે કેન્દ્રીય યોજનાઓએ ગ્રામીણ રાજસ્થાનમાં રોજગાર નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામસભાઓ અને ગ્રામ પંચાયતો દ્વારા ઓળખવામાં આવેલા કાર્યોને પ્રાથમિકતા આપી રહી છે અને ગ્રામીણ આયોજન તથા અમલીકરણના કેન્દ્રમાં જનભાગીદારીને સ્થાન આપ્યું છે. આ બેઠકમાં મુખ્યમંત્રીની 'ગ્રામ ચોપાલ' પહેલને સહભાગી શાસનના એક અસરકારક મોડલ તરીકે પણ દર્શાવવામાં આવી હતી. શ્રી ચૌહાણે નોંધ્યું હતું કે શ્રી ભજન લાલ શર્મા વ્યક્તિગત રીતે સાંજના સમયે ગામડાઓની મુલાકાત લે છે જેથી તેઓ મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને જનપ્રતિનિધિઓ સાથે અલગથી વાતચીત કરી શકે અને સ્થાનિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા, લોકોની ચિંતાઓને સમજવા અને પ્રશ્નોના સમયસર નિવારણની ખાતરી કરવા માટે બીજા દિવસે પણ પોતાની ફિલ્ડ વિઝિટ ચાલુ રાખે છે. તેમણે કહ્યું કે આ અભિગમ દર્શાવે છે કે ગ્રામીણ વિકાસ અને કૃષિનું સીધું ગ્રાઉન્ડ લેવલ પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે સરકારી કાર્યક્રમો માત્ર કાગળ પર જ નહીં પરંતુ ગામડાઓ અને કૃષિ ક્ષેત્રોમાં અસરકારક રીતે અમલમાં મૂકાય. રાજસ્થાન સરકારના અભિગમની પ્રશંસા કરતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ગ્રામસભા આધારિત આયોજન, ભંડોળનો પારદર્શક ઉપયોગ, સૂક્ષ્મ સિંચાઈ કાર્યક્રમોનું કાર્યક્ષમ અમલીકરણ અને ગ્રામ ચોપાલ પહેલે સંયુક્ત રીતે રાજસ્થાનને ગ્રામીણ વિકાસ માટે એક મોડલ તરીકે સ્થાપિત કર્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પહેલોના સતત અમલીકરણથી રાજ્યના દરેક ગામના વ્યાપક અને સુઆયોજિત વિકાસ તરફની સફરને વધુ વેગ મળશે.

# રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે રાજસ્થાનના શ્રી ખાટુ શ્યામજી મંદિરના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી

**પ્રાદેશિક કનેક્ટિવિટીને મજબૂત કરવા માટે શ્રી ખાટુ શ્યામજી મંદિર નજીક નવું સ્ટેશન બનાવવામાં આવશે**



કમલમ્,

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે સીકર, રાજસ્થાનના શ્રી ખાટુ શ્યામજી મંદિર ટ્રસ્ટના એક પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં પૂર્વ સંસદ સભ્ય (સીકર) શ્રી સુમેધાનંદ સરસ્વતી અને રાજસ્થાન સરકારના શહેરી વિકાસ અને આવાસ વિભાગના રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી ઝાબર સિંહ ખર્રા સામેલ હતા. શ્રી શ્યામ મંદિર સમિતિના પ્રતિનિધિઓ, જેમાં શ્રી શક્તિ સિંહ ચૌહાણ, શ્રી માનવેન્દ્ર સિંહ ચૌહાણ અને શ્રી મોહન સિંહ (દાસ) ચૌહાણનો સમાવેશ થાય છે, તેઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન, પ્રતિનિધિમંડળે વિશ્વ પ્રસિદ્ધ ખાટુ શ્યામજી મંદિરની મુલાકાતે આવતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માટે રેલ કનેક્ટિવિટી (રેલ જોડાણ) અને મુસાફરોની સુવિધાઓને વધુ મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા કરી હતી. પ્રતિનિધિમંડળે ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય સુવિધાઓ) માં સુધારો કરવા અને યાત્રાળુઓના પ્રવાસના અનુભવને બહેતર બનાવવા માટે ભારતીય રેલવે દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસો બદલ રેલવે મંત્રી પ્રત્યે કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે, રેલવે મંત્રીએ પ્રતિનિધિમંડળને માહિતી આપી હતી કે સૂચિત નવા સ્ટેશનનું નિર્માણ ખાટુ શ્યામજીની યાત્રા કરનારા શ્રદ્ધાળુઓને વધુ સારી, સુરક્ષિત અને વધુ અનુકૂળ રેલવે સેવાઓ પૂરી પાડશે. આ સ્ટેશન પલસાણા અને બાઓરી ઠીકરિયા સ્ટેશનો વચ્ચે સીકર-રીંગસ રેલ સેક્શન પર વિકસાવવામાં આવશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રોજેક્ટ સાથે સંકળાયેલી તકનીકી કામગીરી સૌપ્રથમ હાથ ધરવામાં આવશે. આમાં હાલની શ્રુ રેલવે લાઈનો સંબંધિત તમામ એન્જિનિયરિંગ અને સિગ્નલિંગ કામો, નવી રેલવે લાઈનનું નિર્માણ અને તેનું હાલના નેટવર્ક સાથે સંકલન સામેલ હશે. ત્યારબાદ સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ કાર્ય શરૂ થશે. પ્રસિદ્ધ ખાટુ શ્યામજી મંદિરથી અંદાજે ૧૧ કિલોમીટરના અંતરે આવેલું સૂચિત સ્ટેશન બિલ્ડિંગ રાજસ્થાનના સમૃદ્ધ સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસા સાથે સુમેળ સાધે તે રીતે ડિઝાઈન કરવામાં આવશે. આરામદાયક પ્રવાસનો અનુભવ પ્રદાન કરવા માટે તેમાં આધુનિક બુકિંગ ઓફિસ, વિશાળ વેઈટિંગ હોલ, સ્વચ્છ શૌચાલય, મુસાફરોને અનુકૂળ સવલતો અને અન્ય આવશ્યક સુવિધાઓ હશે. આ સ્ટેશનના વિકાસથી દર વર્ષે ખાટુ શ્યામજીની મુલાકાતે આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે રેલ પહોંચમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. મુસાફરોની સુવિધા વધારવાની સાથે સાથે, આ પ્રોજેક્ટ પ્રાદેશિક કનેક્ટિવિટીને મજબૂત કરશે, પ્રવાસનને પ્રોત્સાહન આપશે, સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને વેગ આપશે અને આ ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ વધારશે. સૂચિત સ્ટેશન યાત્રાળુઓ અને સ્થાનિક સમુદાયોની વધતી જતી ગતિશીલતાની જરૂરિયાતોને ટેકો આપવાની સાથે સાથે આધુનિક, મુસાફર-કેન્દ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે ભારતીય રેલવેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.



# ગુજરાતના માછીમારોના હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

## માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં કરાયો મહત્વપૂર્ણ સુધારો





**બોટની ૨૦ મીટરની લંબાઈની મર્યાદા સંપૂર્ણપણે નાબૂદઃ હવે તમામ યાંત્રિક બોટોને મળશે યોજનાનો લાભઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં માછીમાર ભાઈઓના આર્થિક ઉત્થાન અને સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં મહત્વપૂર્ણ સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વિગતવાર માહિતી આપતા ઉમેર્યું હતું કે, અગાઉના નિયમ મુજબ આ યોજનાનો લાભ માત્ર ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક બોટોને જ મળતો હતો. હવે માછીમાર સમુદાયના વ્યાપક હિતમાં આ ૨૦ મીટરની મર્યાદાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સુધારાના પરિણામે હવે રાજ્યની ડીપ-સી બોટો સહિત તમામ યાંત્રિક ફિશિંગ બોટો આ યોજનાનો લાભ મેળવી શકશે. આ લાભ મેળવવા માટે જે-તે ફિશિંગ બોટની નોંધણી 'રિયલ ક્રાફ્ટ પોર્ટલ' પર થયેલી હોવી જોઈએ તેમજ બોટ પાસે માન્ય ફિશિંગ લાયસન્સ હોવું અનિવાર્ય છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યની નોંધાયેલી ૧૮,૦૦૦થી વધુ યાંત્રિક ફિશિંગ બોટો હવે ડીઝલ વેટ રાહત મેળવવા માટે પાત્ર બની છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુ વિગતો આપતાં તેમણે કહ્યું હતું કે, આ યોજના હેઠળ પાત્રતા ધરાવતી તમામ યાંત્રિક બોટોને સરકાર દ્વારા 'ડીઝલ કાર્ડ' આપવામાં આવશે. આ કાર્ડ ધારક બોટોને પ્રતિ લિટર મહત્તમ રૂ. ૧૫/- લેખે ડીઝલ વેટ રાહત મળશે. જો વેટની રકમ રૂ. ૧૫ કરતાં ઓછી હશે, તો તે મુજબ સબસિડી મળવાપાત્ર રહેશે. નાના, મધ્યમ અને મોટા—તમામ વર્ગના માછીમારોને આ સમાન લાભ મળવાને કારણે તેમના ડીઝલના દૈનિક ખર્ચમાં મોટો ઘટાડો થશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને આવકમાં નોંધપાત્ર વધારો થશે. હજુ પણ જે માછીમાર બંધુઓને રિયલ ક્રાફ્ટ પોર્ટલ પર નોંધણી અથવા ફિશિંગ લાયસન્સ મેળવવાનું બાકી હોય તો તે સત્વરે પૂર્ણ કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

- વેટ રાહત મેળવવા બોટની "રિયલ ક્રાફ્ટ પોર્ટલ" પર નોંધણી અને ફિશિંગ લાયસન્સ અનિવાર્ય
- રાજ્યની ૧૮,૦૦૦થી વધુ યાંત્રિક ફિશિંગ બોટોને મળશે આર્થિક લાભ
- પાત્રતા ધરાવતી બોટોને પ્રતિ લિટર મહત્તમ રૂ. ૧૫/- સુધીની વેટ રાહત મળશે

# ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કરાઈ સર્વગ્રાહી સમીક્ષા

## રાજ્ય સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે, આપત્તિના સમયે નાગરિકોની સુરક્ષા અને સુવિધા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

**સુરત, નવસારી, વલસાડ, અમરેલી, જૂનાગઢ સહિત ભારે વરસાદવાળા જિલ્લાઓના કલેક્ટર, એસપી, ડીડીઓ અને મ્યુનિસિપલ કમિશનરો સાથે રિવ્યૂ બેઠક યોજીને જરૂરી સૂચનાઓ આપી**



**નાગરિકોની સુરક્ષા આપણી સર્વોચ્ચ પ્રાથમિકતાઃ જરૂર પડે ત્યાં NDRF અને SDRF તૈનાત કરવા તથા ત્વરિત સ્થળાંતર કરાવવા કડક સૂચના**

કમલમ્,

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અનેક વિસ્તારોમાં થયેલા ભારેથી અતિભારે વરસાદના પગલે વહીવટી તંત્રને સંપૂર્ણ સજ્જ અને એલર્ટ કરવાના હેતુથી આજે ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય રિવ્યૂ બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં રાજ્યના પ્રભાવિત જિલ્લાઓના ઉચ્ચ અધિકારીઓ સાથે વરસાદની વર્તમાન પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. શ્રી હર્ષ સંઘવીએ સુરત, નવસારી, વલસાડ, ભાવનગર, દાહોદ, પંચમહાલ, મહીસાગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમદાવાદ, અમરેલી, ડાંગ, તાપી, જૂનાગઢ અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓના કલેક્ટરશ્રીઓ, પોલીસ અધીક્ષકશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સંબંધિત મહાનગરોના કમિશનરશ્રીઓ સાથે સીધો સંવાદ સાધીને ગ્રાઉન્ડ ઝીરોની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તમામ જિલ્લા વહીવટી તંત્રોને કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા 24x7 કાર્યરત રહેવા અને કંટ્રોલ રૂમને સતત એક્ટિવ રાખવા આદેશ આપવામાં આવ્યા છે. નીચાણવાળા અને ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ એન.ડી.આર.એફ (NDRF) અને એસ.ડી.આર.એફ (SDRF)ની ટીમોને તાત્કાલિક તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં, જ્યાં પાણી ભરાવાની કે પૂરની શક્યતા વધુ હોય તેવા વિસ્તારોમાંથી નાગરિકોને સમયસર અને સુરક્ષિત રીતે આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવા તેમજ ત્યાં ભોજન-પાણી અને તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદ દરમિયાન જનજીવનને ન્યૂનતમ અસર થાય અને જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે રોડ-રસ્તા, વીજળી પુરવઠો અને સંદેશાવ્યવહારની સ્થિતિ સતત મોનિટર કરવા તંત્રને આદેશ આપ્યા છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. આપત્તિના સમયે નાગરિકોની સુરક્ષા અને સુવિધા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તમામ જિલ્લા વહીવટી તંત્ર પરસ્પર સંકલન સાધીને ત્વરિત પ્રતિસાદ (Swift Response) આપે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

# ૨૦૦૮ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટનો ચુકાદો આતંકવાદ સામેની લડાઈમાં ઐતિહાસિક જીતઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

## ભારતની ધરતી પર આતંકવાદ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે કોઈ જ સ્થાન નથીઃ- નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

**::નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીઃ:**

- આતંકવાદ સામે દેશની આ બહુ મોટી કાયદાકીય જીતઃ ૩૮ આતંકીઓને ફાંસી અને ૧૧ને આજીવન કેદની સજા નામદાર હાઈકોર્ટે રાખી યથાવત
- ગુજરાતમાં અને ભારતમાં આતંકવાદ માટે કોઈ જ જગ્યા નથી, આ મજબૂત ચુકાદો દેશના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે
- મૃતકોના પરિવારને રૂ.૧૦ લાખ અને ગંભીર રીતે ઇજાગ્રસ્તોને રૂ.૫ લાખની આર્થિક સહાય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર તાત્કાલિક ચૂકવશે



કમલમ્,

ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ 'વર્ષ-૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ'માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને આવકાર્યો હતો. તેમણે આજના દિવસને દેશના ઈતિહાસનો એક અત્યંત મહત્વનો અને ઐતિહાસિક દિવસ ગણાવ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ ચુકાદો માત્ર અમદાવાદ કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને દુનિયાના તમામ શાંતિપ્રિય દેશો માટે આતંકવાદ સામેની લડાઈમાં એક બહુ મોટો અને મજબૂત સંદેશ છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં અનેક નિર્દોષ નાગરિકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આજે તે તમામ નિર્દોષ આત્માઓને, તેમના પરિવારોને અને નાગરિકોને સાચો ન્યાય મળ્યો છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને યથાવત રાખીને ૩૮ આતંકવાદીઓને ફાંસીની સજા અને ૧૧ આતંકવાદીઓને આજીવન કેદની સજા ફટકારી છે, જે ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસનો સૌથી મોટો અને ઐતિહાસિક ચુકાદો છે. શ્રી સંઘવીએ ગુજરાતના તમામ નાગરિકો વતી નામદાર હાઈકોર્ટ, નીચલી અદાલત અને સમગ્ર ઈન્વેસ્ટિગેશન ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, આ મજબૂત ન્યાય અપાવવા પાછળ તપાસ ટીમે વર્ષો સુધી કોઈ પણ પ્રકારની કાયદાકીય ક્ષતિ કે બાંધછોડ વિના રાત-દિવસ એક કરીને જે પ્રશંસનીય કામગીરી કરી છે, તે ખરેખર બિરદાવવા લાયક છે. આ ચુકાદો સ્પષ્ટપણે સાબિત કરે છે કે, ભારતની ધરતી પર આતંકવાદ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે કોઈ જ સ્થાન નથી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ચુકાદાના ભાગરૂપે આ બ્લાસ્ટમાં જીવ ગુમાવનારા નિર્દોષ મૃતકોના પરિવારોને રૂ.૧૦ લાખની સહાય અને જેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા તેમને રૂ.૫ લાખની આર્થિક મદદ પહોંચાડવાનો જે હાઈકોર્ટ દ્વારા આદેશ થયો છે, તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા સંવેદનશીલતાપૂર્વક તાત્કાલિક અસરથી અમલમાં લાવીને ચૂકવવામાં આવશે. આ સરકાર પીડિત પરિવારોની સાથે સદાય પડખે ઊભી છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું.

# આણંદના સાંસદ મિતેશભાઈ પટેલની ગ્રાન્ટમાંથી તારાપુરના ખાનપુર ગામને મળી આધુનિક એમ્બ્યુલન્સની ભેટ

## રૂ. ૧૧ લાખના ખર્ચે ફાળવવામાં આવેલી ઇકો એમ્બ્યુલન્સનું જિલ્લા પંચાયત ખાતેથી મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફ્લેગ ઓફ કરાયું



**ગ્રામજનો અને સ્થાનિક પ્રતિનિધિઓની રજૂઆતને પગલે સાંસદ દ્વારા લોકહિતમાં લેવાયો મહત્વપૂર્ણ નિર્ણય**

**છેવાડાના માનવી સુધી ત્વરિત આરોગ્ય સેવાઓ પહોંચાડવાના ઉમદા હેતુ સાથે નવી સુવિધાનો પ્રારંભ**

કમલમ્, બીના પટેલ

આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની ગ્રાન્ટમાંથી તારાપુર તાલુકાના ખાનપુર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને અંદાજિત રૂપિયા ૧૧ લાખના ખર્ચે નવીન આધુનિક ઈકો એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી છે. આ નવીન આરોગ્યવાનનું આજે જિલ્લા પંચાયત આણંદ ખાતેથી સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મયુરીબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતિ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉક્ટર પિયુષ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાનપુર ગામના તાલુકા પંચાયત સદસ્ય તેમજ સરપંચ સહિતના સ્થાનિક અગ્રણીઓ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તારાપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખાનપુર ગામ અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સુવિધાઓ વધુ સુદ્રઢ બને તે હેતુથી આ ઈકો એમ્બ્યુલન્સ આપવામાં આવી છે. ખાનપુર ગામના સરપંચ, તાલુકા પંચાયત સદસ્ય અને ગ્રામજનો દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે આધુનિક એમ્બ્યુલન્સ ફાળવવા બાબતે સાંસદશ્રીને રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિકોની આ વ્યાજબી માંગણીને ધ્યાને રાખીને સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે પોતાની વર્ષ ૨૦૨૫-૨૬ની ગ્રાન્ટમાંથી આ એમ્બ્યુલન્સની મંજૂરી આપી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં એમ્બ્યુલન્સવાન લોકોને બીમારીના સમયમાં ખૂબ જ ઉપયોગી અને આશીર્વાદરૂપ સાબિત થશે. આ સુવિધાને કારણે છેવાડાના માનવીને આરોગ્યલક્ષી સેવાઓ વધુ ઝડપથી અને સારી રીતે મળી શકશે. વધુમાં તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ એમ્બ્યુલન્સ વાન માત્ર દર્દીઓના પરિવહન માટે જ નહીં, પરંતુ રસીકરણના વિવિધ કાર્યક્રમો અને અન્ય સરકારી આરોગ્યલક્ષી અભિયાનોને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવામાં પણ મહત્વનો ફાળો ભજવશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ના જણાવ્યા મુજબ આ આધુનિક ઈકો એમ્બ્યુલન્સ ફાળવવામાં આવતા ખાનપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આ નવી સુવિધાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની કાર્યક્ષમતામાં વધારો થશે અને અંતરિયાળ વિસ્તારના દર્દીઓને તાત્કાલિક સારવાર માટે મોટા કેન્દ્રો સુધી ખસેડવામાં સરળતા રહેશે.

# ગોધરા તાલુકાના બે માસૂમ બાળકોના ચાંદીપુરા વાયરસથી મૃત્યુ થયા છે, જે ખૂબ જ દુઃખદ ઘટનાઃ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

## ચાંદીપુરા વાયરસ સામે ગભરાવાની નહીં, સાવચેતી રાખવાની જરૂર

**અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે સર્વે અને દવા છંટકાવની કામગીરી ચાલુઃ આરોગ્ય મંત્રીશ્રી**



કમલમ્,

ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બે માસૂમ બાળકોના ચાંદીપુરા વાયરસના પોઝિટિવ રિપોર્ટ આવવાથી મૃત્યુ થયા છે, જે ખૂબ જ દુઃખદ ઘટના છે. આરોગ્ય વિભાગે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. જે ગામોમાં કેસ મળી આવ્યા હતા, ત્યાં તપાસ દરમિયાન 'સેન્ડફ્લાય' નામની માખી જોવા મળી છે. આ માખી સામાન્યરીતે માટીના કાચા મકાનોની તિરાડોમાં રહેતી હોય છે, જેથી આજુબાજુના તમામ ઘરોમાં અને સમગ્ર વિસ્તારમાં દવાનો સઘન છંટકાવ શરૂ કરી દેવામાં આવ્યો છે, તેમ આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું. આ ચાંદીપુરા વાયરસના નિયંત્રણ અંગે આજે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના બે ગામોમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો બાદ લેબોરેટરી રિપોર્ટમાં બે બાળકોના ચાંદીપુરા વાયરસથી દુઃખદ મૃત્યુ થયાની પુષ્ટિ થતાં જ રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે સતર્ક અને વધુ ગંભીર બન્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, ગોધરા અને વડોદરા મેડિકલ કૉલેજની બે વિશેષ ટીમો બંને અસરગ્રસ્ત ગામોમાં પહોંચી ગઈ છે અને ગોધરા તાલુકાની આરોગ્ય ટીમો ઘરે-ઘરે જઈને સઘન સર્વે તથા તપાસ કરી રહી છે. અગાઉ વર્ષ ૨૦૨૪માં જે જિલ્લાઓ અને ગામોમાં ચાંદીપુરા વાયરસના કેસ જોવા મળ્યા હતા, તે તમામ ગામોમાં પણ તકેદારીના ભાગરૂપે સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વધુમાં, તમામ આરોગ્ય કેન્દ્રો પર જરૂરી દવાઓ અને પાવડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. જો કોઈ પણ બાળકમાં તાવ, ઉલ્ટી, ખેંચ કે બેભાન થવા જેવા શંકાસ્પદ લક્ષણો જણાય, તો તુરંત જ ઈલાજ માટે નજીકના આરોગ્ય કેન્દ્ર પર સંપર્ક કરવા મંત્રીશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે. આરોગ્ય મંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોને આશ્વસ્ત કરતા ઉમેર્યું હતું કે, હાલ પૂરતા આ બે ગામો સિવાય અન્ય કોઈ જગ્યાએ ચાંદીપુરા વાયરસના કેસ પ્રાપ્ત થયા નથી.

જનતાએ ગભરાવાની બિલકુલ જરૂર નથી, પરંતુ માત્ર થોડી સાવચેતી રાખવાથી આપણે આ રોગને આગળ વધતો અટકાવી શકીશું. કાચા મકાનોની તિરાડો પૂરવી, ઘરની આસપાસ સ્વચ્છતા રાખવી અને બાળકોને મચ્છર કે માખી કરડે નહીં તેની કાળજી રાખવી ખૂબ જરૂરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં ગ્રામ્ય આરોગ્ય કમિશનર શ્રી રતનકંવર ગઢવી ચારણ, જાહેર આરોગ્ય અધિક નિયામક ડૉ. નીલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'નર સેવા જ નારાયણ સેવા છે' - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાઓની સમીક્ષા બેઠક યોજાઈ**



કમલમ્,

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાઓની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સ્વરોજગાર અને કૃષિ ક્ષેત્રે થઈ રહેલા વ્યાપક સુધારાઓ તેમજ આદિજાતિ માટેની વિવિધ યોજનાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, તેમજ તેઓના સર્વાંગી વિકાસ માટેની વ્યૂહ રચના માટે સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આદિજાતિ વિસ્તારના બાળકોને શિક્ષણ મળે તે બાબતને પ્રાથમિકતા આપવા ભાર મુક્યો હતો. આદિજાતિ વિસ્તારોમાં ખેતી કરતા લોકોને પ્રાકૃતિક ખેતીની સંપૂર્ણ તાલીમ આપવામાં આવે તેમજ કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે બજાર-હાટની વ્યવસ્થા કરવા પણ અનુરોધ કર્યો હતો. આદિજાતિ વિસ્તારના લોકો પશુપાલનનો વ્યવસાય કરતા હોય છે, આથી તેઓને સ્વસ્થ પશુધન આપવામાં આવે તો તેઓ દૂધનો વ્યવસાય પણ કરી શકશે તે માટે સંબંધિત અધિકારીઓને રાજ્યપાલશ્રીએ સૂચન કર્યું હતું. આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ આદિજાતિ વિસ્તારમાં રહેતા યુવાનોમાં વ્યસનમુક્તિ અંગે જાગરૂકતા, કલા કૌશલ્યનો વિકાસ, ખેલ તેમજ યોગમાં આગળ વધારવા માટે યોગ્ય તાલીમ સહિતની વ્યવસ્થા કરવા નિર્દેશો કર્યા હતા. આ તકે રાજ્યપાલશ્રીએ આદિજાતિ વિભાગ દ્વારા આદિજાતિઓના ઉત્કર્ષ માટે કરવામાં આવેલ કાર્યોની પ્રશંસા કરી હતી. રાજ્યપાલશ્રીએ 'નર સેવા જ નારાયણ સેવા છે' તેમ જણાવી આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવા, વિકાસ કામોના નિરીક્ષણ માટે ટીમની રચના કરવા તેમજ સંબંધિત અધિકારીઓને આદિજાતિ વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે તત્પરતા દાખવવા સહિતની જરૂરી સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે આદિજાતિ વિભાગના નિયામક શ્રી આશિષ કુમારે આદિજાતિ વિસ્તારોમાં ચાલતી દૂધ સંજીવની યોજના, પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજના, આશ્રમ શાળા, બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન યોજના, ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન, પ્રી મેટ્રિક તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના, પ્રધાનમંત્રી જનજાતિય ન્યાય અભિયાન, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના, નિઃશુલ્ક ચિકિત્સા સહાય, જનજાતિય કલ્યાણ યોજના સહિતની યોજનાઓની વિગતોની જાણકારી આપીને વિવિધ યોજનાઓના લાભાર્થીઓ વિશે પણ ચર્ચા કરી હતી. નોંધનીય છે કે, ગુજરાતમાં આદિજાતિ જનસંખ્યા ૮૯.૧૭ લાખ છે, જે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૮% જેટલી છે. દેશની કુલ આદિજાતિ વસ્તીના ૮.૧% લોકો ગુજરાતના ૧૪ જિલ્લાના ૫,૮૮૪ ગામોમાં વસવાટ કરે છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી. બરંડા, લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, આદિજાતિ વિકાસ વિભાગના સચિવ શ્રી એ.કે.પાંડે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તથા તમામ આદિજાતિ જિલ્લાઓના પ્રાયોજના વહીવટીદારો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028